જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૨/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર કંટ્રોલરૂમ તથા અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૭/૧૬**

અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલ રૂમ ખાતે તા.૧૫/૧૨/૧૬ નારોજ અરજદાર બેન રંભાદેવી સંજયકુમારસિહ ભટોલીયા (રહે. મુ.પો.હાજીપુરા જીલ્લો-વૈશાલી બિહાર) નાઓએ આવી જણાવેલ કે પોતાનો દિકરો નામે સુકેશકુમાર ઉર્ફે છોટુ સંજયકુમાર (ઉ.વ.૧૪) નાનો એક મહીનાથી પોતાના વતન બિહાર માંથી ગુમ થયેલ છે. તે ગુજરાત રાજ્યમાં હોવાનુ જણાવે છે. અને તે છોકરા બાબતે ફોન નંબર- ૮૭૫૮૮૨૦૦૯૬ ઉપરથી અવાર-નવાર ફોન આવે છે અને તમારો છોકરો મારી પાસે છે અને અહિંયા રહેશે અને પૈસા કમાશે તેવુ જણાવેલ.

કંટ્રોલરૂમમાં પો.ઈ.શ્રી નાઓને જણાવતા માહીતી મેળવી અમરેલી જીલ્લાના ધારી તાલુકાના કોઠાપીપળીયા મુકામે હોવાનુ જાણવા મળેલ જેથી તે બાબતે અમરેલી જીલ્લાના ધારી તાલુકા પો.સ.ઈ.શ્રી એ સદર ગુમ થનાર છોકરા બાબતે તપાસમાં રહેવા સારૂં અત્રે કંટ્રોલરૂમ માંથી પોલીસ અધિક્ષકશ્રી અમરેલી તથા રાજકોટ નાઓને ફેક્સથી જાણ કરવામાં આવેલ તેમજ ધારી તાલુકાના પો.સ્ટે.ના ટેલીફોનીક સંપર્કમાં રહી અમરેલી જીલ્લાને જાણ કરી ગુમ થનાર સગીર બાળક મળી આવેલ છે અને સદરી બાળકની માતા આ કામના અરજદારશ્રી નાઓને ધારી પો.સ્ટે.મુકામે મોકલી આપતા છેલ્લા એક મહીનાથી ગુમ થયેલ પોતાનો સગીર દીકરો તેમને મળી આવેલ છે.

## ચાઇના અને અમેરીકા ખાતેથી કોલ સેન્ટરના નાણાંની પ્રોસેસીંગ કરી આપનાર તથા મનીગ્રામ મારફતે નાણાંકીય પ્રોસેસ કરી આપનાર ઇસમોને પકડી પાડતી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.

તાજેતરમાં અમદાવાદ શહેર વસ્ત્રાપુર વિસ્તારમાંથી ગેરકાયદેસર કોલ સેન્ટર કૌભાંડનો પર્દાફાશ થયેલ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર ચાલતા કોલ સેન્ટરોમાં સંડોવાયેલ તમામ ઇસમોને પકડી પાડવા સારુ સુચના કરેલ હોય સંયુકત પોલીસ કમિશનરશ્રી જે.કે.ભટ્ટ, ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશનર ડો.રાજદિપસિંહ ઝાલા નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર જે.એસ.ગેડમ, સાયબર સેલ તથા પો.સ.ઇ. જે.એમ.જાડેજા તથા જે.પી રોજીયા તથા ટીમના માણસોએ કોલ સેન્ટરના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા સારુ ઉંડાણ પુર્વક તપાસ કરતાં કોલ સેન્ટરમાં નાણાંની પ્રોસેસીંગ કરી આપનાર (૧) ભૌમિક S/O ગોવિંદભાઈ મેરાભાઇ વાણિયા રહેવાસી. મ.નં.૧૦૪, અભિલાષા કોમ્પલેક્ષ, કનક કલા-૨ ની પાછળ, ૧૦૦ ફુટ રોડ, સેટેલાઇટ, અમદાવાદ શહેર (૨) યજ્ઞેશ દેવેન્દ્રભાઇ વિઠલપુરા રહે રુપાણી સર્કલ પ્લોટ નં-૧૯૦૧/૨ શશીપ્રભુચોક પરાગ ફલેટના ખાંચામા ભાવનગર નાઓને આ ગુનાના કામે તા.૧૬/૧૨/૨૦૧૬ ના રોજ અટક કરવામાં આવેલ છે. તેમજ આરોપી (૩) તરૂણ રજનીકાંત મિશ્રા રહેવાસી ડી/૭૦૨, સ્પર્શ અરીસ્તા મારૂતી સર્વિસ સેન્ટરની પાસે વાસણા અમદાવાદ (૪) વિશ્વનાથ કૈલાશસિંગ રઘુવંશી રહેવાસી ૧૧ વૈભવપાર્ક બેથલેહેમ સોસાયટી મણીનગર પુર્વ અમદાવાદ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

નાઓને ડીસીબી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૭૯/૨૦૧૬ ઇપીકો કલમ ૪૦૬,૪૧૯,૪૨૦,૧૨૦બી તથા આઇટી એકટ કલમ ૬૬(બી,ડી) મુજબના ગુનાના કામે તા.૧૬/૧૨/૨૦૧૬ ના રોજ અટક કરવામાં આવેલ છે.

સદર આરોપી પૈકી આરોપી ભૌમીક વાણીયા અગાઉ કોલસેન્ટરમા ડાયલર તરીકે નોકરી કરતો હતો અને કોલ સેન્ટરનું કામ શીખ્યા બાદ કોલસેન્ટરમા પ્રોસેસીંગ નુ કામ ચાલુ કરેલ અને થોમસ પટેલ સાથે મિત્રતા થતા થોમસ પટેલના જોધપુર ખાતે કે.સોલ્યુશન કોલસેન્ટર તથા વસ્ત્રાપુર અતીથી હોટલની સામેની ગલીમાં આવેલ મૌર્ય એટ્રીયા બિલ્ડીંગના ચોથા માળે આવેલ ઓફીસ નં. ૪૦૮ માં ચાલતા કોલ સેન્ટરનું પ્રોસેસીંગ કામ ચાલુ કરેલ અને કોલ સેન્ટરનો સંચાલક થોમસ પટેલ વોટસએપ મેસેજ થી અમેરિકન નાગરિક ની મનીગ્રામ ડીટેઇલ મંગાવતો જે ડીટેલ આરોપી ભૌમીક એજન્ટ મારફતે મેળવી થોમસ પટેલને વોટસએપથી  મોકલતા અને મનીગ્રામ ડીટેઇલમા અમેરિકન નાગરિક ના ફર્સ્ટ નેમ તથા લાસ્ટનેમ તથા સ્ટેટ તથા સીટી તથા જીપ કોડ ની માહિતી મોકલતા જે માહિતીને થોમસ કોલસેન્ટર મા તેના ક્લોઝર તરીકે નોકરી કરતા માણસો દ્વારા અમેરિકન નાગરિક ને ફોનથી ફોર્મ ભરાવી ટેક્ષ વિભાગના ઉપરી ઓફિસર તરીકે ની ઓળખ આપી તેમા ડોલર મોકલવા જણાવતા હોય અને આ મનિગ્રામ દ્વારા આવેલ પૈસા ટ્રાન્સફર કરાવતા જે ભારતીય ચલણ મા રોકડ મોકલાવે તે રોકડ થોમસ પટેલ ને પહોંચાડતો હતો અને જેમા મને બે ટકા જેટલુ ડીસ્કાઉન્ટ મળતુ હોવાનો ખુલાસો કરેલ છે.

આરોપીઓ પૈકી યજ્ઞેશ દેવેન્દ્રભાઇ વિઠલપુરા નાએ પારૂલ યુનીવર્સીટી ખાતેથી એમ.બી.એ.નો અભ્યાસ કરેલ છે અને એક્ષીસ બેંક ભાવનગર ખાતે આસીસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે અને બેંકીંગ ક્ષેત્રનો સારો એવો અનુભવ ધારવતો હોઇ  સને ૨૦૧૧ માં સદરી આરોપી રૂચીર @ આર.ભાઇ ના સંપર્કમાં આવેલ તે બાદ આકાશ વાધવાણીના સંપર્કમાં આવેલ અને કોલ સેન્ટરમાં નાણાંકીય પ્રોસેસનું કામ ચાલુ કરેલ તે બાદ વધુ ફાયદો મેળવવા માટે વિદેશમાં બેંક એકાઉન્ટો ની જરૂર પડતાં આરોપી યજ્ઞેશ તથા રૂચીર નાઓ મે-૨૦૧૬ માં બેંક એકાઉન્ટ ખોલાવવા માટે ગોંઝાવ ચાઇના ખાતે ગયેલ અને ચાઇના ખાતે ગોંઝાવ રાજ્યના ફોસાન નામના વિસ્તારમાં આવેલ એગ્રીકલ્ચર બેંક ઓફ ચાઈના નામની બેંકમાં આરોપી યજ્ઞેશ તથા રુચીરે પોતાના નામે બેંક એકાઉન્ટ ખોલાવેલ અને તે બાદ બીજા દિવસે આ જ વિસ્તારની ICBC  ઈન્ડસ્ટ્રીયલ ચાઈનીઝ બેંકીંગ નામની બેંકમાં બન્નેના વ્યકિતગત નામથી બેંક એકાઉન્ટ ખોલાવેલ. તે બાદ તેઓના મુંબઇ ખાતેના એજન્ટ મારફતે ચાઈનાના બેંક એકાઉન્ટમાં આવેલ રૂપીયા મુંબઇ ખાતેનો એજન્ટ આંગડીયા મારફતે ભાવનગર ખાતે મોકલી આપતા હોવાની હકીકત જણાઇ આવેલ છે.જે આરોપીઓની વધુ પુછપરછ પોલીસ ઇન્સપેકટર જે.એસ.ગેડમ નાઓ ચલાવી રહેલ છે.

આરોપી તરૂણ મિશ્રા નાનો વસ્ત્રાપુર અતીથી હોટલની સામેની ગલીમાં આવેલ મૌર્ય એટ્રીયા બિલ્ડીંગના ચોથા માળે આવેલ ઓફીસમાં પોતાનું કોલ સેન્ટર ધરાવે છે તેમજ થોમસ પટેલ સાથે કોલ સેન્ટરમાં ભાગીદારી ધરાવે છે.

આરોપી વિશ્વનાથ રઘુવંશી નાનો થોમસ પટેલના જોધપુર ખાતેના કે-સોલ્યુશન કોલ સેન્ટરમાં પોતાના પાંચ માણસો બેસાડી કોલ સેન્ટરનું કામકાજ કરે છે તેમજ સી.જી.રોડ ખાતે પોતાનું કોલ સેન્ટર ચલાવતો હોવાનું જણાઇ આવેલ હોઇ જે આરોપીઓની વધુ પુછપરછ પો.ઇન્સ. વી.બી.બારડ નાઓ ચલાવી રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અમેરીકન નાગરીકોને ઇન્ટરનલ રેવન્યુ સર્વીસ ડીપાર્ટમેન્ટના તથા અલગ અલગ ઇશ્યોરન્સ ના નામથી ફોન કરી છેતરપીંડી આચરનાર કે.સોલ્યુશન કોલસેન્ટર ના ભાગીદાર તથા પ્રોસેસર તરીકે કામ કરતા અન્ય ર આરોપીઓને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.**

સંયુકત પોલીસ કમિશનરશ્રી જે.કે.ભટ્ટ, ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાહુલ પટેલ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાયબરસેલ નાઓની સુચનાથી અમદાવાદ શહેરમા ચાલતા ગેરકાયદેસર કોલસેન્ટરો શોધી કાઢી તેઓ વિરુધ્ધમા કાયદેસર કાર્યવાહી કરી કેસો કરવા સુચના આપેલ જે આધારે સાયબર ક્રાઇમસેલ ના પોલીસ ઇન્સપેકટરશ્રી જે.એસ.ગેડમ, તથા પો.સ.ઇ. જે.એમ.જાડેજા તથા પો.સ.ઇ. એચ.બી.બાલીયા તથા ટીમના માણસોએ ગઇ તા.૦૭/૧૨/૨૦૧૬ ના રોજ જોધપુર ચાર રસ્તા પાસે આવેલ ક.સોલ્યુશન નામથી કોલસેન્ટર ધરાવતા થોમસ પટેલ ને ત્યાં રેડ કરી ગેરકાયદેસર ચાલતુ કોલસેન્ટર પકડી પાડવામા આવેલ અને તેના ઉપયોગમા લેવામા આવતી ૨૧ હાર્ડડીસ્ક કબ્જે લેવામા આવેલ અને આ ગુન્હાની તપાસ સાયબરક્રાઇમના પોલીસ ઇન્સ્પેકટર વી.બી.બારડનાઓ ચલાવી રહેલ છે અને આ ગુનાના કામે આરોપીઓ થોમસ પટેલ તથા કૃપાલ ઠક્કર, મૌલિક ત્રિવેદી, દિપક આશુદાની, તથા ભૌમિક વાણીયા નાઓને અગાઉ અટક કરી પોલીસ કસ્ટડીના રિમાન્ડ ઉપર મેળવવામા આવેલ અને આ ગુન્હામા નાસતા ફરતા આરોપીઓ નામે **(૧) વિશ્વનાથ ઉર્ફે લાલો S/O પ્રહલાદસિંહ જાતે રઘુવંશી ઉ.વ.૨૭** રહે. ૧૧,વૈભવ પાર્ક, બેથલેહેમ સોસાયટી પાસે, ધીરજ હાઉસીંગ પાછળ, મણિનગર-ઇસ્ટ, અમદાવાદ શહેર **(૨) તરૂણ રજનીકાન્ત મિશ્રા ઉવ.૨૮** રહે. ડી/૭૦૨ સ્પર્શ અરીસ્તા મારૂતી સર્વિસ સેન્ટર પાસે નવા વાસણા અમદાવાદશહેર મુળ વતન. ગામ મરૂધર હોટલની પાછળ માઉન્ટ આબુ રાજસ્થાન નાઓને આ ગુનાના કામે ગઇ કાલ તા.૧૬/૧૨/૨૦૧૬ ના રોજ ધરપકડ કરવામાં આવેલ છે.

ઉપરોકત આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપી નં(૧) વિશ્વનાથ રઘુવંશી નાએ ૨૦૧૧-૧૨ મા જી.પી.એસ.ટ્રેકર નો ધંધો શરૂ કરેલ જે ધંધા મા નુકસાન આવતા બંધ કરી દીધેલ અને તેના મિત્ર થોમસ પટેલ સાથે કોલસેન્ટર ચલાવવા માટે પોતાની ક્રિષ્ણાધામ ઇન્ફોટેક પ્રા.લિ. નામની કંપની ના નામે લીઝ એગ્રીમેન્ટ કરી આપતા દોઢેક વર્ષ પહેલા થોમસ પટેલે ૪૦૩,વિનસ એમેડીયસ બિલ્ડીંગ જોધપુર ખાતે કોલસેન્ટર ચાલુ કરેલ બાદ અગાઉ પોલીસકેસ થયા બાદ તેનુ કોલસેન્ટર બંધ થઇ ગયેલ હતુ જેથી વિશ્વનાથ રઘુવંશી ની ક્રિષ્ણાધામ ઇન્ફોટેક નામે ઓફિસના માલિક સાથે એગ્રીમેન્ટ કરી દરમાસે પંચોતેર હજાર રૂપિયા ઓફિસ ભાડે રાખ્યા અંગે એગ્રીમેન્ટ કરેલ હતુ અને થોમસ પટેલે ફરીથી આ ઓફિસમા કે.સોલ્યુશન નામથી કોલસેન્ટર ચાલુ કરેલ હતુ ત્યારે શરુઆતમા થોમસ પટેલના ૧૦ થી ૧૨ માણસો બેસી કામ કરતા હતા અને થોમસ પટેલે વિશ્વનાથ રઘુવંશી ને તેની ઓફિસમાં માણસો બેસાડી અમેરિકન નાગરિકોને કોલ કરી કામ શરૂ કરવા જણાવતા પોતે પણ તેની ઓફિસમાં પોતાના પાંચ માણસો બેસાડેલ હતા અને થોમસ તથા આરોપી નં.(૨) તરુણ મિશ્રા તેના માણસો બેસાડી કામ કરતા હતા.

પકડાયેલ બંન્ને આરોપી થોમસ પટેલ ના કે.સોલ્યુશન કોલસેન્ટર મા પોતાના માણસો બેસાડી ડાયલર તરીકે કામ કરતા માણસો અમેરિકન નાગરિકોની લીડ મેળવી તેઓને કોલ કરી અમેરિકન નાગરિકોને ટેક્ષ ચોરીમા સંડોવાયેલ છો અને આ બાબતે તમારે વધારે માહિતી જોઇતી હોય તો મારા સિનિયર અધિકારી સાથે વાત કરવી પડશે એ રીતે વાત કરી અમેરિકન નાગરિકોને કસ્ટમર તરીકે પોઝીટીવ બનાવવા નુ કામ કરતા હતા જ્યારે અમેરિકન નાગરિકો તે નંબર ઉપર વળતો કોલ કરે ત્યારે ઓપનર તરીકે કામ કરતા માણસો કોલ રીસીવ કરી ઓપનીંગ સ્ક્રીપટ સમજાવતા હતા જેમા અમેરિકન નાગરિકોને તમે ટેક્ષ ચોરીમા સંડોવાયેલ છો અને તમારે ગંભીર ગુન્હામા પકડવામા આવશે અને જેલમા રહેવુ પડશે મતલબેની વાત સમજાવી અમેરિકન નાગરિકોને ડર બતાવી ટેક્ષ ચોરીમા સેટલમેન્ટ માટે સિનિયર અધિકારી સાથે વાત કરાવવાનુ જણાવી કલોઝર તરીકે માણસ સાથે અમેરિકન નાગરિકોને વાત કરાવી સેટલમેન્ટ પેટે અમુક ડોલર ભરવા જણાવતા અને અમેરિકન



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

નાગરિકોને નજીક ના ગવર્નમેન્ટ સ્ટોરમાંથી આઇટ્યુન્સ વાઉચર મેળવી વાઉચરના ૧૬ અંકના નંબર કલોઝરને લખાવી દેવા જણાવતા હતા અને ચાલુ કોલે અમેરિકન નાગરિકો આઇટ્યુન્સ વાઉચર ખરીદી ક્લોઝર પાસે વાઉચરના નંબર લખાવતા હતા અને અમે તરતજ આ વાઉચરના નંબર થોમસ પટેલને વોટસએપ મેસેજ થી મોકલતા હતા અને થોમસ પટેલ તેના આગળના માણસો મારફતે આઇટ્યુન્સ કાર્ડના ૧૬ અંકના કોડ પ્રોસેસર મારફતે પ્રોસેસ કરાવી હવાલા મારફતે ભારત ખાતે પૈસા મંગાવતા હતા.

**<u>વડોદરા શહેર ખાતે વીમો પકવવા માટે ટ્રક ચોરીની ફરિયાદ લખાવી ટ્રકોને તોડી ભંગાર વેચી દેવાના કેસોમા સંડોવાયેલ અને ચાર ગુન્હાઓમા નાસતો ફરતો એક ઇસમ ને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ,</u>**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાહુલ પટેલ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી તથા મોબાઇલ ચોરીના ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના સ્કોડનાં પોલીસ ઇન્સપેકટર વી.બી.બારડ તથા પોલીસ સબ ઇન્સપેકટર એસ.એન.દેસાઇ નાઓના સ્કોડના માણસો ગુન્હા શોધી કાઢવા તથા નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવાની કાર્યવાહી કરતા હતા તે દરમ્યાન વડોદરા શહેરમા ટ્રકના જુના સ્પેર પાર્ટસનો વેપાર ધંધો કરી ચોરીની ટ્રકો ખરીદી સ્પેરપાર્ટસ વેચી દેવાના ચારેક ગુન્હાઓમા નાસતો ફરતો આરોપી સિદ્દીક S/O શબ્બીરભાઇ શેખ ઉવ.૪૬ રહે. મીઠા ફળીયા, હાથીખાના, ફતેપુરા રોડ, વડોદરા નાને આજરોજ તા.૧૭/૧૨/૨૦૧૬ ના પકડી અટક કરેલ છે.

આ કામે આરોપીની પુછપરછ કરતા આરોપી વડોદરા ગોલ્ડન ચોકડી પાસે મેઇન રોડ ઉપર ભાડેથી જગ્યા રાખી ટ્રકો તથા ડમ્પરો અને ટેન્કરો જેવી ગાડીઓના જુના સ્પેરપાર્ટસ નો વેપાર ધંધો કરતો હોય જુનીનવી ગાડીઓ ખરીદીને તોડાવીને સ્પેરપાર્ટસ નો વેપાર ધંધો કરતો હતો તે વખતે સને ૨૦૧૪-૧૫ મા ડભોઇ ખાતે રહેતો ચિરાગ પટેલ નામનો ઇસમ પાસેથી ચારેક જેટલી ટ્રક ખરીદેલ અને તેને તોડાવી ભંગાર તથા સ્પેરપાર્ટસ વેચી દીધેલ

અને આ ચિરાગ પટેલ ટ્રકોને ભંગારમા તોડાવી ને તે ટ્રકની ચોરી ની ફરિયાદ કરાવતો અને તે ટ્રકો નો વીમા પાસ કરાવતો હોય અને આ બાબતે ફરિયાદો દાખલ થયેલ હોય પોતે પણ પોલીસ મા પકડાઇ જવાની બીક થી આજદિન સુધી નાસતો ફરતો હોવાનુ કબુલાત કરતો હોય સદરી બાબતે તપાસ કરતા સદરી આરોપી નીચે મુજબના ગુન્હાઓમા નાસતો ફરતો છે.

(૧) ડભોઇ પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૬૪/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯

(૨) ડભોઇ પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૯૩/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯

(૩) પાણીગેટ પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૧૩૩૯/૨૦૧૬ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦ વિગેર

(૪) મકરપુરા પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૨૪૮/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯

ઉપરોકત પકડાયેલ આરોપી આજરોજ જુહાપુરા ખાતે તેના માસીના ઘરે આવેલ તે દરમ્યાન નારોલ સર્કલ પાસેથી ઝડપી લેવામા આવેલ છે અને પકડાયેલ આરોપીને ડભોઇ પોલીસ સ્ટેશન મા સોપવામા આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)